અમદાવાદની 16 શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

અનેક શાળાઓએ વિદ્યાર્થીઓને ઘરે મોકલી આપ્યા

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ફરી એકવાર શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી જાવ પામ્યો હતો. ખાલિસ્તાનના નામે મોકલાયેલા ધમકીભર્યા ઈ-મેઈલમાં બપોરે 1.11 મિનિટે શાળાઓમાં વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી હતી. ધમકી ભર્યા ઈ-મેઈલમાં કાર અને શાળાની બસોમાં પણ બોમ્બ વિસ્ફોટનો ઉલ્લેખ કરાયો હતો. આ અંગે મળતી માહિતી મુજબ ધમકીભર્યા ઈ-મેઈલને પગલે પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓ, બોમ્બ સ્ક્વોડની ટીમએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. જે શાળાઓમાં ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. તે શાળાઓમાં ચેકિંગ શરૂ કરાયું હતું. સાથે જ શાળાઓની સુરક્ષા કડક બનાવાઈ હતી. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને અનેક શાળાઓએ બાળકોને ઘરે મોકલી દીધા હતા. શાળાઓમાં બોમ્બની ધમકીની જાણ થતાં વાલીઓને બાળકોને તાત્કાલિક ઘરે લઈ જવા સૂચના અપાઈ હતી. જેના પગલે વાલીઓ શાળામાં પોતાના બાળકોને લેવા દોડી ગયા હતા. આ સમયે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

આ શાળાઓને ધમકી મળી

સેટેલાઇટની એ વન સ્કુલ	મકરબાની ડીએવી સ્કુલ
ડ્રાઇવ-ઇન રોડની એશિયા	નવરંગપુરાની સંત કબીર
બાપુનગરની સિલ્વર બેલ	કૃષ્ણનગરની અંકુર
પાલડીની દીવાન બલ્લુભાઈ	SGVP ગુરૂકુલ
નિરમા યુનિવર્સિટી	એજી હાઈસ્કૂલ
જેજે ઇન્ટરનેશનલ	વિદ્યાનગર સ્કૂલ
સીએન વિદ્યાલય	ખાલસા લિટલ સ્કૂલ
જીવીબા સ્કૂલ	બોપલની તુલિપ ઇન્ટરનેશનલ

ગંગાસ્વરૂપા યોજનામાં હવે આર્થિક સહાય ઘરબેઠા મળશે

IPPB મારફતે રકમ સીધી DBTથી જમા થશે

ગાંધીનગર : રાજ્ય સરકારની 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ વિધવા મહિલાઓને મળતી સહાય હવે ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (IPPB)ના ખાતામાં સીધી જમા કરવામાં આવશે. આધાર આધારિત DBT પદ્ધતિથી રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા થશે અને પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં રોકડ ઉપાડવાની સુવિધા પણ મળશે.

પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતુ કે ઉત્તર ગુજરાતમાં આશરે 1.47 લાખથી વધુ લાભાર્થીઓ હાલમાં પોસ્ટ ઓફિસ ખાતા મારફતે સહાય મેળવી રહ્યા છે. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં તા. 14 થી 20 ફેબ્રુઆરી, 2026 દરમિયાન વિશેષ અભિયાન યોજાઈ નવા IPPB ખાતાઓ ખોલવામાં આવશે.

IPPB ખાતું શૂન્ય બેલેન્સથી ખોલી શકાશે. પોસ્ટમેન અથવા ગ્રામિણ ડાક સેવક ઘરે આવી ખાતું ખોલી આપશે તેમજ નાણાંની ચુકવણી પણ કરશે. લાભાર્થીઓને બેંક કે પોસ્ટ ઓફિસ જવાની જરૂર નહીં રહે. જેમના પાસે પહેલેથી IPPB ખાતું છે, તેઓએ માત્ર આધાર સીડિંગ કરાવવાનું રહેશે.

ખાતું ખોલાવવા આધાર કાર્ડ, આધાર સાથે લિંક મોબાઈલ નંબર અને પોસ્ટ ઓફિસ બચત ખાતાની પાસબુક જરૂરી રહેશે. ગાંધીનગર જિલ્લામાં અંદાજે 18,155 લાભાર્થીઓ હાલ આ સેવાનો લાભ લઈ રહ્યા છે.

હોબાળા વચ્ચે પૂર્ણેશ મોદી વિધાનસભાના ઉપાધ્યક્ષ બન્યા

ગૃહમાં ભાજપના સભ્યોએ મોદીને નારા લગાવી અભિનંદન પાઠવ્યાં

ગાંધીનગર : ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રારંભે રાજકીય માહોલ ગરમાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે સત્રની શરૂઆત થઈ હતી, પરંતુ કોંગ્રેસના ધારાસભ્યોના હોબાળા અને સૂત્રોચ્ચાર વચ્ચે રાજ્યપાલને આશરે 20 મિનિટમાં પોતાનું ઉદ્બોધન પૂર્ણ કરવું પડ્યું હતું.

આ હોબાળા બાદ ગૃહમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ. સત્તાપક્ષ અને વિપક્ષ બંને તરફથી ઉમેદવારી માટે પ્રસ્તાવો રજૂ થયા. ભાજપ તરફથી ધારાસભ્ય જીતુ વાઘાણીએ સુરત પશ્ચિમના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીના નામનો પ્રસ્તાવ ગૃહમાં મૂક્યો હતો, જેને ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડાએ ટેકો આપ્યો હતો.

વિપક્ષ કોંગ્રેસ તરફથી ધારાસભ્ય દિનેશ ઠાકોરે શૈલેષ પરમારના નામની દરખાસ્ત રજૂ કરી હતી, જેને ઇમરાન ખેડાવાલાએ સમર્થન આપ્યું હતું. અધ્યક્ષ દ્વારા બંને દરખાસ્તોને મૌખિત મત માટે મૂકવામાં આવી હતી. જો કે કોંગ્રેસના પ્રસ્તાવનો અસ્વીકાર થયો હતો. જ્યારે પૂર્ણેશ મોદીને બહુમતી મૌખિક મતોથી સમર્થન મળતાં તેઓ ગુજરાત વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ તરીકે વરણી થઈ હોવાની જાહેરાત અધ્યક્ષ શંકર ચૌધરીએ કરી હતી.

પરિણામ જાહેર થતાં ગૃહમાં ભાજપના સભ્યોએ મોદીને નારા લગાવી અભિનંદન પાઠવ્યા હતા. ચૂંટણી બાદ કોંગ્રેસના શૈલેષ પરમારે આક્ષેપ કર્યો હતો કે વિધાનસભાના ઉપાધ્યક્ષનું પદ પરંપરાગત રીતે વિપક્ષને આપવામાં આવતું રહ્યું છે, પરંતુ બહુમતીના જોરે ભાજપે આ પરંપરા તોડી છે. જાહેર હિસાબ સમિતિ (PAC) સહિત વિવિધ સમિતિઓમાં વિપક્ષને યોગ્ય પ્રતિનિધિત્વ ન મળ્યાનો પણ આરોપ મૂકાયો હતો.

આ રીતે હોબાળા અને રાજકીય તણાવ વચ્ચે પૂર્ણેશ મોદી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. સુરતથી ખૂબ મોટી સંખ્યામાં પૂર્ણેશ મોદીના સમર્થકો વિધાનસભા ખાતે આવી પહોચ્યા હતા એટલું જ નહીં મોદીનું ફૂલહારથી અભિવાદન કર્યુ હતું.

વલસાડ-વાપી સ્ટેશન પર આતંકી હોવાનો કોલ મળતા જ દોડધામ

વિવિધ સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું

પ્લેટફોર્મ, વેઇટિંગ રૂમ, ટ્રેનોના ડબ્બાઓમાં તપાસ

વલસાડ : 112 હેલ્પલાઇન પર વલસાડ અને વાપી રેલવે સ્ટેશન પર આતંકી હોવાનો ગુપ્ત કોલ મળતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. વલસાડ રેલવે સ્ટેશન ખાતે વિવિધ સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

રાજ્યની કુલ 34 શાળાઓને સવારે ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી, શાળાઓને મળેલી ધમકીઓ વચ્ચે વલસાડ અને વાપી રેલવે સ્ટેશન પર આતંકી હોવાના કોલને પગલે સમગ્ર વહીવટી તંત્ર સક્રિય બન્યું હતું. વલસાડ સિટી પોલીસ, SOG, GRP, RPF, સ્ટેટ IB અને BDDS (બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ) ની સંયુક્ત ટીમોએ રેલવે સ્ટેશન પર સઘન તપાસ શરૂ કરી હતી. આ સર્ચ ઓપરેશન દરમિયાન ડોગ સ્ક્વોડની મદદ લેવામાં આવી હતી. પ્લેટફોર્મ, વેઇટિંગ રૂમ અને ટ્રેનોના ડબ્બાઓમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. મુસાફરોના સામાનનું મેટલ ડિટેક્ટરથી ચેકિંગ કરાયું હતું અને શંકાસ્પદ જણાતા તમામ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. સ્ટેશનના પ્રવેશ અને બહાર નીકળવાના તમામ માર્ગો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. હાલમાં સર્ચ ઓપરેશન દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે વ્યક્તિ મળી આવી નથી. જોકે, સુરક્ષા એજન્સીઓ કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતી નથી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, તમામ મહત્વના સ્થળો પર બાજ નજર રાખવામાં આવી રહી છે અને લોકોને ગભરાયા વગર સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

કીર્તિ પટેલે સાધુઓની વચ્ચે ઘૂસી મૃગીકુંડમાં ડૂબકી મારી

'મારી પાછળ પાછળ નહીં ફરવાનું, નીકળો', કીર્તિ પટેલે PIને ધમકાવ્યા:'એના બાપનો કુંડ હોય તેમ પાછળ ફરે છે', હોઠ ભીંસી આંખો કાઢી

ભવનાથના મેળાના અંતિમ દિવસની ઘટના

એસપીએ તપાસના આદેશ આપ્યા

પોલીસ જેવી શિસ્તબદ્ધ પાંખના અધિકારીઓ સાથે કરવામાં આવેલા આ ગેરવર્તનને જૂનાગઢ પોલીસ તંત્રએ ગંભીરતાથી લીધું છે. આ વીડિયો વાઇરલ થતા જ જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ તપાસના આદેશ આપ્યા છે. પ્રાંત અધિકારીએ પણ જણાવ્યું હતું કે જો કોઈ ગેરકાયદેસર કૃત્ય કે ધાર્મિક લાગણી દુભાવવાનું કૃત્ય થયું હશે, તો કીર્તિ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સુરત : ભૂતકાળમાં અનેકવાર વિવાદોમાં ઘેરાઈ ચૂકેલી અને જેલની હવા ખાઈ ચૂકેલી કીર્તિ પટેલે મહાશિવરાત્રિના મેળામાં પહોંચી વિવાદ સર્જ્યો છે. મેળાના અંતિમ દિવસે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સમયે ભગવો ધારણ કરી કીર્તિ પટેલ ઘૂસી ગઈ હતી. સાધુઓ સાથે મૃગીકુંડમાં સ્નાન કરી 'હર હર મહાદેવ'નો નાદ કરતી જોવા મળી હતી, જેની જાણ તંત્રને થતા તેને તાત્કાલીક દૂર કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીએ કહ્યું હતું કે, સાધુ સંતો સાથે નીતિ નિયમો બાબતે ચર્ચા કરાશે. જો કોઈ ગેરકાયદે કે ધાર્મિક લાગણી દુભાય તેવું કૃત્ય થયું હશે તો કીર્તિ પટેલ સામે કાર્યવાહી કરાશે.

મૃગીકુંડમાં ઘૂસીને વિવાદ કરનારી કીર્તિ પટેલનો વધુ એક વિડિયો સોશિયલ મીડિયામાં વહેતો થયો છે. આ વીડિયોમાં કીર્તિ પટેલ સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત બે મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર (PI) સાથે દાદાગીરી કરતી અને અપશબ્દો બોલતી નજરે પડે છે. સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં હાલ ખૂબ જ વાઇરલ થઈ રહ્યો છે. કીર્તિના આ કાંડને લઈ જૂનાગઢ એસપીએ તપાસના આદેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કીર્તિ ઉપરાં પીઆઈ જે. પી. વરિયાએ મૃગીકુંડમાં સ્નાન કર્યું હતું અને તેનો વીડિયો પણ સામે આવ્યો છે. જો કે આ મામલે કોઈપણ કંઈ બોલવા તૈયાર નથી. મળતી માહિતી મુજબ, ગઈકાલે જ્યારે કીર્તિ પટેલ મૃગીકુંડમાં સ્નાન કરીને બહાર આવી ત્યારે સુરક્ષાના ભાગરૂપે બે મહિલા પીઆઈ તેની પાસે ગયા હતા. આ સમયે કીર્તિ પટેલ ઉશ્કેરાઈ ગઈ હતી અને જાહેરમાં પોલીસ અધિકારીઓનું અપમાન કરવાનું શરૂ કર્યું હતું. વાઇરલ વીડિયોમાં કીર્તિ પટેલ પોલીસને ધમકાવતા કહે છે કે, "હું અહીંથી જતી રહીશ, મારી પાછળ પાછળ નહીં ફરવાનું. હું કોઈ આરોપી નથી હો! ચલો નીકળો અહીંથી.

સામાન્ય ઓપરેશનના નામે હોસ્પિટલે 4 લાખ પડાવી લીધા

રાજકોટની એક હોસ્પિટલ સામે ગંભીર આક્ષેપ

'ઘર ચલાવવું મુશ્કેલ થઈ ગયું, સિક્યુરિટી ગાર્ડની નોકરી કરવી પડે છે'

પાયલબેન સોલંકીએ ભારે હૈયે જણાવ્યું કે, ઘરની પરિસ્થિતીને લઈ મારી દીકરીને ભણવાનું પણ છોડી દેવાની ફરજ પડી છે. ડોક્ટર પાસે જઈએ તો સરખો જવાબ આપતા નથી અને કહે છે કે, હવે હોસ્પિટલમાં આવશો તો તમારી સામે દાવો કરી દઈશ. અમારે કોઈ રૂપિયા પરત જોઈતા નથી. માત્ર મારા પતિની યોગ્ય સારવાર કરીને તેઓને સ્વસ્થ કરી દેવામાં આવે તેવી અમારી માગ છે. આ અંગે રાજકોટ મહાનગરપાલિકામાં પણ લેખિત ફરિયાદ કરી હતી, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર નિરાકરણ લાવવામાં આવ્યું નથી.

રાજકોટ : રાજકોટમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે, જેમાં એક ડોક્ટરની કથિત ભૂલ અને આર્થિક શોષણના કારણે એક હસતો-રમતો પરિવાર પાયમાલ થઈ ગયો હોવાનો આરોપ લગાવાયો છે. રાજકોટની હોસ્પિટલ સામે ગંભીર આક્ષેપો કરતા પીડિત પરિવારે મીડિયા સમક્ષ પોતાની આપવીતી રડતા રડતા જણાવી હતી. આ મામલામાં સૌથી કરુણ બાબત એ છે કે, જે દીકરી ડોક્ટર બનવાનું સપનું જોતી હતી, તેણે આજે પોતાના પિતાની હાલત જોઈને ભણતર છોડવું પડ્યું છે.

બીજી તરફ પતિની ખરાબ હાલતને પગલે પરિવારનું ગુજરાન ચલાવવા પત્નીને રાતે પણ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરવાની ફરજ પડી છે. આ ઘટના અંગે મીડિયા સાથેની વાતચીતમાં ડોક્ટરે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ઊલટું વ્હોટ્સએપમાં તેમને ધમકી આપ્યાનો વળતો આરોપ લગાવીને તેનો સ્ક્રીનશોટ પણ જાહેર કર્યો છે.

રાજકોટમાં રહેતા જીતુભાઈ સોલંકી નામના દર્દીની ધો. 9માં અભ્યાસ કરતી પુત્રીએ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઈરલ કરતા આ મામલો પ્રકાશમાં આવ્યો છે. દીકરીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો પોસ્ટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાસે ન્યાયની માગ કરી છે.

અમદાવાદ અને વડોદરાની શાળાઓને ઉડવી દેવાની ધમકીની તપાસ થશે : સંઘવી

અમદાવાદઃ આજે દિવસ દરમ્યાન અમદાવાદની 15 અને વડોદરાની 17 સ્કૂલોને ઉડાવી દેવાની ધમકીઓ મળી છે, તે બાબતે રાજય સરકાર દ્વારા તપાસના આદેશ કરાયા છે. ડે સીએમ હર્ષ સંઘવીએ આજે વિધાનસભા ખાતે કહયું હતું કે સમગ્ર બાબતે રાજયના પોલીસ વડાને તપાસના આદેશ કરાયા છે. અગાઉ પણ અમદાવાદમાં સ્કૂલોને ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. તે મેઈલ કયાથી આવ્યા છે.

બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરાવવા પોલીસ જડબેસલાક

પરીક્ષા કેન્દ્રોની આસપાસ ચાર કે તેથી વધુ વ્યક્તિના ભેગા થવા પર પ્રતિબંધ, ઝેરોક્ષ સેન્ટરો બંધ સહિતનું જાહેરનામુ બહાર પડાયું

» પરીક્ષા કેન્દ્રથી 100 મીટર વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ

» પરીક્ષા સમય દરમિયાન ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ, લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ, મોબાઇલ તથા ઇલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ (સક્ષમ અધિકારી સિવાય)

» બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ, ગેરરીતિ માટેના સાધનો કે અનધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર પ્રતિબંધ, જાહેર વાહનવ્યવહાર અવરોધાય તે રીતે પાર્કિંગ પર પ્રતિબંધ

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 26 ફેબ્રુઆરીથી 18 માર્ચ, 2026 દરમ્યાન ધોરણ-10 અને 12ની પરીક્ષા લેવાનાર છે, ત્યારે આ પરીક્ષાઓને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરના ઇન્ચાર્જ પોલીસ કમિશનર શરદ સિંઘલે જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો અને તેની આસપાસ 100 મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટર માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસ 1 કિલોમીટરના વિસ્તારમાં લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવામા આવ્યો છે.

હથિયાર સાથે પ્રવેશ પર પ્રતિબંધનો આ આદેશ 26મી ફેબ્રુઆરી 2026થી 18મી માર્ચ 2026 સુધી પરીક્ષાના દિવસોમાં સવારે 8:00થી રાત્રે 8:00 વાગ્યા સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 223 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

વિકેટ લેનાર બોલરનો સામેની ટીમના કેપ્ટને હાથ તોડી નાંખ્યો

સુરતના ભાટપોરના ક્રિકેટ ગ્રાઉન્ડ પર વિકેટ સેલિબ્રેશન કરવું યુવકને ભારે પડ્યું

'ધ અનબ્રેકેબલ યુનિટી' ટીમના કેપ્ટને સામેની ટીમના બોલરનો હાથ બ્રેક કરી નાંખ્યો

સુરત : સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભાટપોરના બાવાજી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમતગમત દરમિયાન લોહીયાળ દ્રશ્યો સર્જાયા હોવાની ઘટના સામે આવી છે. મેચ દરમિયાન વિકેટ પડતા કરવામાં આવેલા સેલિબ્રેશનથી ઉશ્કેરાઈને વિરોધી ટીમના કેપ્ટન સુનિલ યાદવે વિવેક વાળા પર ક્રિકેટ બેટથી જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં 20 વર્ષીય વિવેકને હાથના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે, જેના પગલે ઈચ્છાપોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર ફરિયાદી વિવેક જગદીશભાઈ વાળા (ઉ.વ. 20), જે હાલ નાના વરાછા વિસ્તારમાં રહે છે અને મૂળ ભાવનગરના પાલીતાણાનો વતની છે, તેને ગત 12 ફેબ્રુઆરીના રોજ 'ધ અનબ્રેકેબલ યુનિટી' ટીમના કેપ્ટન સુનિલ કૃષ્ણપ્રસાદ યાદવ સાથે બોલાચાલી થઈ હતી. વિવેક તેના મિત્રની ટીમ 'સુરત યુનાઈટેડ' તરફથી રમવા માટે ભાટપોરના ગ્રાઉન્ડ નંબર 07 પર પહોંચ્યો હતો. મેચ દરમિયાન સુનિલ યાદવની ટીમ પ્રથમ બેટિંગ કરી રહી હતી. બપોરના આશરે 12 વાગ્યાના અરસામાં વિવેક જ્યારે તેની ટીમ વતી ત્રીજી ઓવર ફેંકવા આવ્યો ત્યારે સામેની ટીમનો ખેલાડી પ્રણવ સોલંકી બેટિંગમાં હતો. વિવેકે ઓવરના બીજા બોલે પ્રણવને કીપર કેચ આઉટ કરાવતા તેની ટીમમાં ખુશીનો માહોલ છવાયો હતો. પોતાની ટીમના ખેલાડીઓ સાથે વિકેટની ઉજવણી કરી રહેલા વિવેકને જોઈ સુનિલ યાદવ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. અને ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. જ્યારે વિવેકે ગાળો બોલવાની ના પાડી, ત્યારે ઉશ્કેરાયેલા સુનિલ યાદવે હાથમાં રહેલા ક્રિકેટ બેટથી વિવેક પર હુમલો કર્યો હતો. સુનિલે સૌપ્રથમ વિવેકની પીઠના ભાગે બેટનો ફટકો માર્યો હતો. ત્યારબાદ તેણે જોરથી બેટ વિવેકના માથામાં મારવા માટે વીંઝ્યું હતું. પોતાનો બચાવ કરવા માટે વિવેકે જમણો હાથ આડો ધરતા બેટનો જોરદાર ફટકો કાંડાના ભાગે વાગ્યો હતો. આ ફટકો એટલો ગંભીર હતો કે વિવેકને કાંડાના ભાગે ગંભીર ફ્રેક્ચર થઈ ગયું હતું.

સુડોકુ - 'ક્રુતિ'

૭	૨	૪	૩	૯		૮		
૩			૪	૭		૫		૯
				૨		૪	૭	૩
૧		૬	૫	૮	૭			૪
	૫	૨	૧			૭	૮	
૮		૭	૨	૪		૧	૯	
	૭	૯	૮		૪	૩	૧	
					૨	૯		
૨			૯	૧	૩	૬	૫	૭

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩૨૨૬-૧૬૬૭ ક્રીડર્સ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કોલેસ્ટ્રોલ

મગજ અને હૃદય ગાઢ સંપર્ક મા રહે છે. મગજને માટે કોલેસ્ટ્રોલ જરૂરી છે અને હૃદય માટે મગજની શાંતિ આવશ્યક છે. અર્જુન ચૂર્ણ અને સૂકા ધાણા ચૂર્ણ 1:2 ના પ્રમાણમા ભેળવી લો. તેમાંથી બે ચમચી ચૂર્ણ એક ગ્લાસ ઉકળતા પાણીમાં નાખીને ઢાંકી દો. પીવા જેવું થાય એટલે હલાવી પી જવું.

મેટલ સ્ક્રેપના નામે 5 કરોડની ઠગાઇના આરોપી ઝડપાયા

ગોયલ પિતા-પુત્ર અને બે મહિલા ડિરેક્ટરની સુરત ઇકો સેલે ધરપકડ કરી

સુરત : સુરત શહેર પોલીસની આર્થિક ગુના નિવારણ શાખાએ મેટલ સ્ક્રેપના વેપારના બહાને આચરવામાં આવેલા એક મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પોલીસે 'ભારતી ફેશન પ્રા.લિ.' નામની કંપનીના ચાર સંચાલકોની ધરપકડ કરી છે, જેમણે શહેરના એક વેપારી સાથે આશરે પાંચ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાની વિગત મુજબ, ફરિયાદી વિનીત નવનીત શરાફ જે 'એસ.ડી. ફેશન' ફર્મના વહીવટકર્તા છે, તેઓ જુલાઈ-2025 થી આરોપીઓના સંપર્કમાં હતા. આરોપીઓ સત્યનારાયણ ગોયલ, રંજના ગોયલ, રીમા ગોયલ અને ગોવિંદ ગોપાલ ગોયલ જે 'ભારતી ફેશન પ્રા.લિ.'ના ડિરેક્ટરો છે. તેમણે શરૂઆતમાં નાના પાયે મેટલ સ્ક્રેપનો વેપાર કરીને ફરિયાદીનો અતૂટ વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતના સોદાઓમાં સમયસર માલની ડિલિવરી આપીને આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા કે તેઓ મોટા પાયે આયાત-નિકાસનો સુરક્ષિત વેપાર કરે છે. ફરિયાદીનો વિશ્વાસ પૂરેપૂરો સંપાદિત થઈ ગયો ત્યારે આરોપીઓએ પોતાનો અસલી ચહેરો બતાવ્યો હતો. ઓક્ટોબરથી ડિસેમ્બર 2025 દરમિયાન થયેલા વિવિધ સેલ્સ કોન્ટ્રાક્ટ મુજબ, ફરિયાદીએ મોટા જથ્થામાં મેટલ સ્ક્રેપ મંગાવ્યો હતો. આ સોદાના પેટે આરોપીઓએ એડવાન્સ રકમ તરીકે કુલ રૂ. 4,90,83,617 મેળવી લીધા હતા. કરોડો રૂપિયા બેંક ખાતામાં જમા થઈ ગયા બાદ આરોપીઓની દાનત બગડી હતી અને તેમણે માલની ડિલિવરી આપવામાં ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. પૈસા ચૂકવી દીધા હોવા છતાં લાંબા સમય સુધી સ્ક્રેપનો માલ ન મળતા ફરિયાદી વિનીત શરાફ દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હતી.

આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

તપાસમાં વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી સત્યનારાયણ ગોયલ અને ગોવિંદગોપાલ ગોયલ અગાઉ પણ આ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા છે.

વર્ષ 2021 માં પૂર્વ કચ્છ ગાંધીધામના એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેમની વિરૂદ્ધ આઈપીસી કલમ 406 અને 420 હેઠળ છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.

આરોપીઓ મુખ્યત્વે દુબઈથી મેટલ સ્ક્રેપ આયાત કરવાના બહાને વેપારીઓને લલચાવતા હતા અને વિશ્વાસ કેળવ્યા બાદ મોટી રકમ પડાવી લેતા હતા.

આજનું પંચાંગ

તા. 17/02/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** મહા
તિથિ: વદ અમાવસ : 17:32
અયન : ઉત્તરાયન **ઋતુ :** શિશિર
રાષ્ટ્રિય દિનાંક : મહા: 28
નક્ષત્ર :ધનિષ્ઠા:21:17
યોગ : પરિઘ **કરણ:** કિસ્તુઘ્ન
રાશિ: મકર (ખ,જ) 09:06 પછી કુંભ (ગ.સ.શ.ષ.) **દિવસ :** અશુભ, કંકણાકૃતિ સૂર્યગ્રહણ-ભારતમાં દેખાશે નહી.
સુરતમાં સૂર્યોદય : 07:09 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:36
નવકારસી : 07:57
પારસી વર્ષ : 1395 મહેર માસનો 07મોરોજ
મુસલમાન વર્ષ : 1447, શાબાન માસનો 28મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ: બપોરે : 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): વેપાર-ધંધામાં નવા કામ મળે. ઉત્સાહજનક સમાચાર મળે. જૂના-મિત્રોની મુલાકાત થાય. આવક વધે.
વૃષભ (બ,વ,ઉ,): મહેનત અને ધીરજનું ફળ મળે. વેપાર-ધંધામાં આર્થિક સોદા પાર પડે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ રહે.
મિથુન (ક,છ,ઘ,): કામમાં વિઘ્નો વધશે. નવા જવાબદારીથી નવુ શિખવા મળે. ધંધામાં સોદા પાર પડે. આવક વધે.
કર્ક (ડ,હ,): નોકર-ચાકરથી સાવધાન રહેવું. ઉધાર લેવા-દેવાનું ટાળવું. આરોગ્ય બાબતે ચોક્કસ રહેવું.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): દાંપત્યમાં અશાંતિ વધશે. રોજના કામમાં વિલંબથાય. રોજની આવક વધે. ખર્ચા પણ વધે.
કન્યા (પ,ઠ,ણ,): હરીફોથી સાવધાન રહેવું. આરોગ્યનો સાથ મળવાથી અચાનક કાર્ય સિદ્ધ મળશે.
તુલા (ર,ત,): શેર બજારમાં ધીરજ રાખવી મિત્રો સાથે મનોરંજન થાય. સંતાનોની ચિંતા સતાવે.
વૃશ્ચિક (ન,ય,): બહારના કામમાં અવરોધ આવે. વડીલોના આરોગ્યની ચિંતા રહે. પડવા-વાગવાથી બચવું.
ધન (ભ,ધ,ફ,ઢ,): અચાનક નવી તકથી લાભ થાય. શિક્ષણ, ટેકનોલોજી, પ્રવાસ અને દલાલીને લગતાં કામ થાય.
મકર (ખ,જ,): વાણી પર કાબુ રાખવો. આવક વધશે. ઘરમાં અશાંતિ રહે. નવા લોકોથી સાવધાની.
કુંભ (ગ,સ,શ,ષ,): પડવા-વાગવાથી સંભાળવું. વિવાદથી અશાંતિ અને કામ